ગાંધીનગર સમાચાર

ઉત્તર ગુજરાત

સાબરકાંઠા - અરવલ્લી

તા. ૨૬-૫-૨૦૨૧, બુધવાર



હિંમતનગર । મોડાસા । બાયડ । ભીલોડા । ખેડબ્રહ્મા । તલોદ । શામળાજી । પ્રાંતિજ । ધનસુરા । પોશીના । હરસોલ । ઈડર । વિજયનગર । માલપુર । મેઘરજ । વડાલી । ખંભીસર

**આનું નામ તંત્ર : સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ખેડૂતોને વાવાઝોડાથી નુકસાન પરંતુ સહાય નહીં મળે**

# ૩૩ ટકાથી મોટું નુકસાન ન હોવાનો રિપોર્ટ તૈયાર

## ખેડૂતોનો રોષ જાહેરમાં આવે તેવી વકી



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૫

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના કેટલાક તાલુકાઓમાં વાવાઝોડા અને કમોસમી વરસાદથી ખેતીને કરોડોનું નુકસાન થયું હતું. ખેતી વિભાગની ટીમો દ્વારા સર્વે કરાયો અને સર્વેમાં ૩૩ ટકાથી મોટું નુકસાન નથી જેથી સરકારે જાહેર કરેલા માપદંડો મુજબ એકપણ ખેડૂતને નુકસાની સહાય નહીં મળે. બાયડ, ધનસુરા, તલોદ, પ્રાંતિજ, મોડાસા, હિંમતનગર સહિતના વિસ્તારોમાં અનેક ખેડૂતો વાવાઝોડાના કારણે પાયમાલ થયા છે અને તેમના માટે સર્વે પછીનો અહેવાલ ચોંકાવનારો છે તે જોતાં ખેડૂતોનો રોષ જાહેરમાં આવે તેવી વકી છે. અરવલ્લી જિલ્લા ખેતી વિભાગે ગત વર્ષે રડોદરા વિસ્તારમાં મગફળીના પાકનો સંપૂર્ણ ખાત્મો થયો હોવા છતાં સબસલામતના રિપોર્ટ કર્યા હતા અને પછી થયેલા હોબાળા જગજાહેર છે.

૩૬ ટીમો દ્વારા વરસાદ-વાવાઝોડામાં ખેતીને નુકસાન શું થયું તેનો સર્વે શરૂ કરવામાં આવ્યો. ખેતરે..ખેતરે પહોંચી સર્વે કર્યો અને રિપોર્ટમાં તંત્રએ કોથળામાંથી બિલાડું કાઢ્યું હોય તેમ બંન્ને જિલ્લામાં ૩૩ ટકાથી વધુ ખેતીક્ષેત્રે કોઈ નુકસાન નથી તેવો રિપોર્ટ સર્વે ટીમો દ્વારા આપી દેવામાં આવ્યો છે. જિલ્લામાં મગ, બાજરી, તલ, શાકભાજી તેમજ કેળ, પપૈયા, આંબાના પાકને વાવાઝોડા-વરસાદના કારણે નુકસાન થયું હતું આ માટે રાજ્ય કક્ષાએથી મળેલી સૂચના મુજબ સાબરકાંઠા, અરવલ્લી ખેતી વિભાગ દ્વારા બાયડ, ધનસુરા, તલોદ, પ્રાંતિજ, હિંમતનગર, મોડાસા, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, પોશીના, વિજયનગર, ભિલોડા, માલપુર, મેઘરજ તાલુકાઓમાં સર્વે માટે ટીમો પહોંચી હતી. નુકસાનગ્રસ્ત ખેતી પાક જોઈને ટીમમાંના અનેક સભ્યોએ આ તો બહું નુકસાન કહેવાય, વાવાઝોડાએ વિનાશ વેર્યો છે તેવા ઉદ્‌ગાર સર્વે દરમ્યાન વ્યક્ત કર્યા હતા તેમ છતાં જિલ્લા કક્ષાએ સબમીટ થયેલા રિપોર્ટમાં ૩૩ ટકાથી મોટું નુકસાન ન હોવાનો અંદાજ આપી દેવામાં આવ્યો છે. જેથી એકપણ ખેડૂતને વળતર ચૂકવાય તેવી સંભાવના નથી. બંન્ને જિલ્લાનું તંત્ર વિધિવત રીતે ખેડૂતોને કોઈ વળતર ચૂકવાશે નહીં તેવી જાહેરાત કર્યા પછી ખેડૂત આગેવાનો, ખેડૂત સંગઠનો બાંયો ચઢાવે તેવી સંભાવના વધુ છે.

---

**ગુજરાતમાં દેખાશે નહીં**

## આજે વર્ષનું પ્રથમ ખગ્રાસ ચંદ્રગ્રહણ, પશ્ચિમ બંગાળના કેટલાક વિસ્તારોમાં દેખાશે

### કોરોના મહામારીમાં સામાન્ય રાહતના સંકેત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૫

આજે તા.૨૬ મે. વર્ષનું પ્રથમ ખગ્રાસ ચંદ્રગ્રહણ ગુજરાતમાં દેખાશે નહીં પરંતુ પશ્ચિમ બંગાળના કેટલાક વિસ્તારોમાં દેખાશે. બપોરે ૨-૧૭ મીનીટે શરૂ થઈ સાંજે ૭-૧૯ મીનીટ સુધી રહેશે. ગુજરાતમાં ગ્રહણ દેખાવવાનું નથી જેથી તેને લગતા કોઈ નિયમો પાડવાની જરૂર નથી તેવું કેટલાક જ્યોતિષીઓ જણાવી રહ્યા છે.

ગ્રહણની પૃથ્વી ઉપર અને માનવ શરીર ઉપર અસર થતી હોય છે. જો કે આધુનિક યુગમાં અનેક યુવાઓ આ બાબતે મતમતાંતર ધરાવે છે. જાણવા મળ્યા મુજબ વૃશ્ચિક રાશિ અને અનુરાધા નક્ષત્રમાં તા.૨૬ મે. ના રોજ વર્ષનું પ્રથમ ખગ્રાસ ચંદ્રગ્રહણ થવાનું છે તેનો પ્રભાવ દુનિયા ઉપર પણ જોવા મળશે. જ્યોતિષીઓના મતે શેર બજારમાં તેનો વધુ પ્રભાવ જોવા મળશે.

વાતાવરણમાં પણ અનેક પ્રભાવ જોવા મળશે, કુદરતી આફતો, ભૂકંપ, વાવાઝોડામાં પણ વધારો થઈ શકે છે. જ્યારે કોરોનાની મહામારીમાં રાહત થઈ શકે છે. તમામ ૧૨ રાશિના જાતકો ઉપર તેનો પ્રભાવ જોવા મળશે. મિથુન, કન્યા, વૃશ્ચિક, મીન રાશિના જાતકો માટે મધ્યમ, વૃષભ, કર્ક, સિંહ, તુલા, ધન, મકર અને કુંભ રાશિના જાતકો માટે શુભ ફળદાયી રહેશે. ગ્રહણકાળ દરમ્યાન વ્રત, જાપ, તપ અને દાન કરવાથી તેનું ફળ મળી શકે છે.

---

## કોરોનાથી મોતનો સિલસિલો : આંબલિયારાના ઉપસરપંચ, મોડાસા સી.પી.આઈ. કચેરીના એ.એસ.આઈ.નું મોત

### મોતના આંકડા ક્યાં સુધી છૂપાવાશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૫

કોરોનાનું સંક્રમણ ઘટ્યું હોવાના દાવા વચ્ચે બાયડ તાલુકામાં કોરોના માનવ ભક્ષી બન્યો છે. આંબલિયારા ગ્રામ પંચાયતના ઉપસરપંચ રામસિંહ રાઠોડનું કોરોનાથી મોત નિપજ્યું છે. જ્યારે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં સી.પી.આઈ. કચેરીના એ.એસ.આઈ. કિરીટસિંહ શિવસિંહ કુંપાવત (રહે.રાજેન્દ્રનગર)નું કોરોનાથી મોત નિપજતાં પોલીસ બેડામાં શોક છવાયો છે. જિલ્લામાં કોરોનાથી મોતનો સિલસિલો અટકવાનું નામ લેતો નથી અને આરોગ્ય વિભાગના દફતરે મોતના આંકડા છૂપાવવાના કીમીયા ચાલુ રહ્યા છે.

કોરોનાની બીજી લહેર અત્યંત ઘાતક સાબિત થઈ છે. ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં સંક્રમણ રોકવાના તમામ પ્રયાસો





નિષ્ફળ સાબિત થયા હતા જેના કારણે અનેક નવલોહીયા યુવાનોએ કોરોનાના સંક્રમણથી જીંદગી ગુમાવતાં શોકની કાલિમા છવાઈ છે. બાયડ ઉપરાંત તેના ગ્રામ્ય વિસ્તારોમાં બીજી લહેરનું સંક્રમણ ઘાતક બનવાની સાથે વધુ બેકાબુ બનતાં સંક્રમિત દર્દીઓ ઉપર હજુ પણ મોતના ઓછાયા યથાવત રહ્યા છે. તાલુકાની જીતપુર રેફરલ હોસ્પિટલના મેડીકલ ઓફીસરનું મોત નિપજતાં પંથકની પ્રજાએ શોક અનુભવ્યો ત્યાં આંબલિયારા ગ્રામ પંચાયતના ડેપ્યુટી સરપંચ રામસિંહ રાઠોડ કોરોનાગ્રસ્ત થતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા પરંતુ સારવાર દરમ્યાન જીવન બચાવવાના તબીબોના તમામ પ્રયાસો છતાં ગત રોજ તેઓનું કોરોનાના કારણે મોત નિપજતાં સમગ્ર પંથકમાં શોક છવાયો છે. સરકારે ધંધા-રોજગારોને નવેસરથી પાટે ચઢાવવા માટે સંક્રમણ ઘટતાં સામાન્ય છૂટછાટ આપી છે પરંતુ ગ્રામ્ય વિસ્તારોમાં હજુ પણ અનેક સંક્રમિત દર્દીઓ જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે.

---

**વકરતો મ્યુકરમાઈકોસિસ**

## બાયડ તાલુકાના રડોદરા, જંત્રાલકંપામાં શંકાસ્પદ કેસ

### કોરોના પછી અન્ય રોગચાળાએ પ્રજાની ઉંઘ હરામ કરી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૫

કોરોના ઉપર સંપૂર્ણ અંકુશ આવ્યો છે ત્યાં વકરતા મ્યુકરમાઈકોસિસના રોગચાળાએ આરોગ્ય વિભાગ અને પ્રજાની ઉંઘ હરામ કરી દીધી છે. બાયડ તાલુકાના રડોદરા અને જંત્રાલકંપામાં બે શંકાસ્પદ કેસ હોવાનું જાણવા મળ્યું છે. જો કે મ્યુકરમાઈકોસિસના જ આ કેસ છે તેવું આરોગ્ય વિભાગ બોલવાનું ટાળી રહ્યું છે.

સતત વધી રહેલા રોગચાળાએ પ્રજાને આર્થિક પાયમાલી તરફ ધકેલ્યા છે. જો લાંબો સમય બિમારીનું અતિક્રમણ રહે તો અનેક પરિવારો બધી રીતે બરબાદ થઈ જશે. કોરોનાના સંક્રમણ સમયે રેમડેસિવિર ઈન્જેક્શન અને મ્યુકરમાઈકોસિસના રોગચાળામાં એમ્ફોટેરેસીન-બી. ઈન્જેક્શનની અછત અને તે મેળવવા માટે માતબર રકમનો ખર્ચ કરીને દર્દીને બચાવવાના પ્રયાસ કર્યા છે. પ્રજાને હવે કોરોના કરતાં પણ મ્યુકરમાઈકોસિસના વકરતા રોગથી ઉંઘ હરામ થઈ ગઈ છે કારણે કે આ રોગનાં ઈન્જેક્શન વધુ પ્રમાણમાં લેવાં પડતાં હોય છે છતાં કેટલાય દર્દીઓની આંખ કાઢી તેમને બચાવી લેવામાં આવ્યા છે પરંતુ દર્દીને આવું થયા પછી તેના માટે જીવવું અસહ્ય બની રહ્યું છે. સાબરકાંઠા પછી અરવલ્લી જિલ્લામાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારો સુધી મ્યુકરમાઈકોસિસનો રોગ વકરી રહ્યો છે. બાયડ તાલુકાના બે ગ્રામ્ય વિસ્તારોમાં રોગના શંકાસ્પદ કેસ જણાઈ આવ્યા છે.

---

## ઉત્તર ગુજરાતમાં ભરતીની પ્રતિક્ષા યાદી મુદ્દે એલ.આર.ડી. ઉમેદવારોમાં ચણભણાટ

**પ્રતિક્ષા યાદી સરકારની સત્તાવાર સાઈટ ઉપર મૂકવા માંગ**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૫

રાજ્ય સરકાર દ્વારા વર્ષ-૨૦૧૯માં લેવાયેલ એલ.આર.ડી. ભરતી માટેની પરીક્ષાની પ્રતિક્ષા યાદી આજદિન સુધી ઓપરેટ કરવામાં ન આવતાં ઉત્તર ગુજરાતના ૫ જિલ્લાના અસંખ્ય એલ.આર.ડી. ઉમેદવારોમાં આ મુદ્દે ચણભણાટ શરૂ થયો છે. સરકાર વહેલી તકે પ્રતિક્ષા યાદી સત્તાવાર સાઈટ ઉપર મૂકી જાહેર કરે તેવી માંગ ઉમેદવારોમાં ઉઠવા પામી છે.

જાણવા મુજબ સરકારે વર્ષ-૨૦૧૮માં એલ.આર.ડી.ની ભરતી બહાર પાડી હતી. જે પરીક્ષાનું ફાઈનલ પરિણામ ૩૦ ઓક્ટોબર-૨૦૧૯ના રોજ જાહેર કરવામાં આવ્યું હતું. ઉત્તર ગુજરાતમાં અનેક ઉમેદવારોએ એલ.આર.ડી. ભરતી પરીક્ષામાં ઝંપલાવ્યું હતું. કેટલાક વિસ્તારોમાં ભરતી પ્રક્રિયામાં ખોટું થયું હોવાની વ્યાપક ફરિયાદો જે તે સમયે બહાર આવી હતી જેમાં વિવાદોના અંતે સરકાર દ્વારા ઉમેદવારોના હીતમાં એલ.આર.ડી. ભરતીમાં ઠરાવ પસાર કરી વેઈટીંગ લીસ્ટ આપવાનો નિર્ણય ૬ ડિસેમ્બર-૨૦૧૯ના રોજ કરવામાં આવ્યો હતો. વેઈટીંગ લીસ્ટના ઉમેદવારોના ડોક્યુમેન્ટની ચકાસણી સરકાર દ્વારા કરવામાં આવી હતી પરંતુ આજદિન સુધી સરકારે તેની સત્તાવાર સાઈટ ઉપર વેઈટીંગ લીસ્ટ મૂક્યું નથી અને ઓપરેટ પણ કરવામાં આવ્યું ન હોવાથી એલ.આર.ડી. ઉમેદવારોમાં રોષ જોવા મળી રહ્યો છે. સરકારે લોકરક્ષક ભરતી બોર્ડ દ્વારા લેવાયેલ વિવિધ ભરતીમાં ૨૦ ટકા વેઈટીંગ લીસ્ટ બનાવવામાં આવશે તેવી જાહેરાત કરી હતી આ પૂર્વે ભરતી બોર્ડ દ્વારા લેવાયેલી પરીક્ષામાં ૧ થી વધુ સંવર્ગની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી જેના કારણે લોકરક્ષક ભરતી બોર્ડ દ્વારા જાન્યુઆરી-૨૦૧૯માં લેવાયેલી પરીક્ષાનું વેઈટીંગ લીસ્ટ બનાવવામાં ન આવતાં રાજ્યના મુખ્ય મંત્રી સમક્ષ રજૂઆત થઈ હતી જેમાં સરકારે ઉમેદવારોને સરકારી સેવામાં તક મળે તે માટે નિયમોમાં છૂટછાટ આપી ગૃહ વિભાગ દ્વારા લેવાયેલી પરીક્ષામાં ખાસ કિસ્સામાં વેઈટીંગ લીસ્ટ બનાવવાનો નિર્ણય કર્યો હતો પરંતુ હજુ સુધી ડોક્યુમેન્ટની ચકાસણી પછી પણ ભરતીની પરીક્ષા યાદી કે વેઈટીંગ લીસ્ટ સત્તાવાર સાઈટ ઉપર મૂક્યું ન હોવાના કારણે ઉમેદવારોમાં નારાજગી પ્રવર્તિ રહી છે.

---

**કોરોના દર્દીઓને રાહત**

## વાત્રક હોસ્પિટલમાં ઓક્સિજન પ્લાન્ટ શરૂ

### દરરોજ ૫૦૦ કીલો ઓક્સિજનનું ઉત્પાદન, દરરોજ ૨૦ દર્દીઓની ઓક્સિજનની જરૂરીયાત પૂરી થશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૫

કોરોનાના કપરા કાળમાં ઓક્સિજનની અછતથી અનેક દર્દીઓના મોત નિપજ્યાના આરોપ લાગ્યા હતા ત્યારે પ્રધાનમંત્રી ખાણખનિજ યોજના હેઠળ વાત્રક હોસ્પિટલમાં ઓક્સિજન પ્લાન્ટ સ્થાપવા રૂા.૩૧ લાખ મંજૂર થયા પછી પ્લાન્ટ મંગળવારે સાબરકાંઠા સાંસદ દિપસિંહ રાઠોડ, જિલ્લા કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકરની ઉપસ્થિતિમાં ઓક્સિજન ઉત્પાદન કરનારો પ્લાન્ટનું કાર્યવંતિત કરાતાં દરરોજ હવામાંથી ૫૦૦ કીલો ઓક્સિજનનું ઉત્પાદન થશે જેના કારણે હોસ્પિટલમાં સારવાર લેતા ૨૦ જેટલા દર્દીઓની ઓક્સિજનની જરૂરીયાત પૂરી થશે. કોરોનાનું સંક્રમણ અંશતઃ કાબુમાં છે ત્યારે કોરોના દર્દીઓ માટે રાહતના સમાચાર છે.

ઓક્સિજનનું માનવ જીવન માટે મહત્વ શું છે તે છેલ્લા ૧ મહિનામાં કોરોનાગ્રસ્ત દર્દીઓ અને તેમના સગાઓને સમજાઈ ગયું છે. ઓક્સિજન માટે એક ગામ થી બીજે ગામ દોડધામ કરતા અનેક લોકો જોવા મળ્યા ત્યારે જિલ્લામાં જ ઓક્સિજનનું ઉત્પાદન કરીને દર્દીઓને સારવાર મળી રહે તે માટે જિલ્લા પ્રભારી મંત્રી રમણલાલ પાટકર અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નિર્ણય લઈ કુલ રૂા.૬૨ લાખના ખર્ચે વાત્રક અને ભિલોડામાં ઓક્સિજન ઉત્પાદન કરતા પ્લાન્ટ નાખવાનો નિર્ણય કર્યો.





આખરે પ્લાન્ટ કાર્યવંતિત કરાતાં તા.૨૫ મે. ના રોજ જિલ્લા વિકાસ અધિકારી ડૉ.અનિલ ધામેલીયા, બાયડ પ્રાંત અધિકારી ડૉ.વિમલ બારોટ, અમૂલ ફેડરેશનના ચેરમેન શાંમળભાઈ પટેલ, અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્રભાઈ પટેલ, બાયડ તાલુકા વિકાસ અધિકારી ક્રિષ્ણાબેન ઉપાધ્યાય, રાજ્ય ખેતી બેન્કના પૂર્વ ચેરમેન કનુભાઈ પટેલ, શ્રી કે. કે.શાહ સાબરકાંઠા આરોગ્ય મંડળના ચેરમેન કોદરભાઈ પટેલ, માનદ્ મંત્રી કનુભાઈ એમ. શાહ વિગેરેની ઉપસ્થિતિમાં ઓક્સિજન પ્લાન્ટ વિધિવત કાર્યરત થયો ત્યારે હોસ્પિટલ સ્ટાફ પણ ઉપસ્થિત રહ્યો હતો. ઓક્સિજન પ્લાન્ટ સ્થાપિત કરવામાં સાબરડેરી-હિંમતનગર, ધી સાબરકાંઠા મધ્યસ્થ બેન્ક, બાયડ તાલુકા ખરીદ વેચાણ સંઘ તથા અરવલ્લી જિલ્લા ક્વોરી એસોસીએશન દ્વારા આર્થિક સહયોગ હોસ્પિટલને પ્રાપ્ત થયો હતો તે બદલ સંસ્થાના હોદ્દેદારોએ સૌનો આભાર માન્યો હતો.

---

## સરસોલી પાસે બાઈક ઝાડ સાથે ટકરાતાં ચાલકનું મોત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૫

બાયડ તાલુકાના સરસોલી પાસે પૂરઝડપે બાઈક લઈ પસાર થતા ચાલક કાળાભાઈ ચતુરભાઈ ખાંટ (રહે.મોટાલાલપુર)એ સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવી ઝાડ સાથે બાઈક ટકરાવતાં ગંભીર ઈજાથી મોત નિપજ્યું હતું. બનાવ અંગે બાયડ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોએ આપેલી જાણકારી મુજબ તાલુકાના મોટાલાલપુર ગામના બાઈક ચાલક તા.૨૪ના રોજ બાઈક (નં.જી.જે.૩૧-બી-૧૪૨૮) લઈને કોઈ કામ અર્થે સરસોલી ગામની સીમમાંથી પસાર થતા હતા જે દરમ્યાન રોડ ઉપર દોડતી બાઈક પરનો કાબુ ગુમાવતાં ઝાડ સાથે ટકરાઈ હતી જેમાં ચાલકને માથા તથા શરીરના ભાગે ઈજાઓ થતાં મોત નિપજ્યું હતું. ગામ નજીક બાઈક ચાલકનું માર્ગ અકસ્માતમાં મોત નિપજતાં ખાંટ પરિવારમાં શોક છવાયો છે. બનાવ અંગે વિષ્ણુભાઈ કાળાભાઈ ખાંટની ફરિયાદના આધારે મૃતક બાઈક ચાલક સામે ગુનો નોંધાયો છે.

---

**નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**

**ઈ-પ્રોક્યોરમેન્ટ જાહેર નિવિદા નં. ૦૩ સને ૨૦૨૧-૨૨**

કામનું નામ : એંગેજીંગ સ્ટાફ ફોર ફલડ ડ્યુટી ડ્યુરીંગ મોનસુન ૨૦૨૧ ઓન ગોરઠીયા રીચાર્જ સ્કીમ, અંદાજીત રકમ રૂ. ૨.૫૭ લાખના કામના ટેન્ડર ઈ-૨ અને ઉપરની શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારો પાસેથી માંગવામાં આવે છે. કોરા ટેન્ડરો આપવાની છેલ્લી તા. ૦૧-૦૬-૨૦૨૧, ૧૬.૦૦ કલાક સુધીની છે. જ્યારે ભાવો ભરેલા ટેન્ડરો આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટથી પરત સ્વીકારવાની છેલ્લી તા. ૦૮-૦૬-૨૦૨૧, ૧૮.૦૦ કલાક સુધી છે. તથા ટેન્ડરો ખોલવાની તા. ૦૯-૦૬-૨૦૨૧, ૧૨.૦૦ કલાક છે. કચેરીનું સરનામું : કાર્યપાલક ઈજનેરશ્રી સુજલામ સુફલામ સ્પ્રેડીંગ ચેનલ વિભાગ નં. ૧, દુર્ગા ઓઈલ મીલ પાછળ, સિંચાઈ ભવન, છાપરીયા રોડ, હિંમતનગર. પીન. નં. ૩૮૩૦૦૧. ટેલીફોન નંબર - ૦૨૭૭૨-૨૪૬૬૭૧, અન્ય વિગતો વેબસાઈટ www.nwr.nprocure.com અને www.stateterndrs.gujarat.gov.in પર જોઈ શકાશે.

નામાનિ/હિંમત/૯૮/૨૦૨૧